# સારોલીની નિધિ માર્કેટમાં ફરી આગ

**20થી** વધુ ફાયર ફાઇટરોની 4 કલાકની જહેમત બાદ આગ કાબૂમાં, ‘બ્રિગેડ કોલ’ જાહેર કરાયો હતો

**બેઝમેન્ટમાં** શોર્ટ સર્કિટથી લાગેલી આગ જોતજોતામાં વિકરાળ બની, પાંચ માળ સુધી ધુમાડા પ્રસરતા ભયનો માહોલ, રવિવારની રજા હોય મોટી દુર્ઘટના ટળી



સુરતઃ સારોલીમાં રાજ ટેક્સટાઇલ માર્કેટની બાજુમાં નવનિર્મિત નિધિ ટેક્ષટાઈલ માર્કેટમાં રવિવારે વહેલી સવારે પ્રથમ બેઝમેન્ટમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. બેઝમેન્ટમાં ઈલેક્ટ્રિક વાયરિંગની પ્લેટમાં શોર્ટ સર્કિટ થવાને કારણે આગ લાગી હતી, જેણે જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. પાંચમા માળ સુધી પ્રસરેલા કાળા ધુમાડાના ગોટેગોટાને જોતા ચીફ ફાયર ઓફિસર દ્વારા તાત્કાલિક ‘બ્રિગેડ કોલ’ જાહેર કરવામાં આવ્યો હતો. જેના પગલે માન દરવાજા, મોટા વરાછા, કુંભાલ, ઉધના, ડીંડોલી, પુણા અને સરથાણા સહિતના સાતથી વધુ ફાયર સ્ટેશનોથી 20થી 25 ગાડીઓનો કાફલો ઘટનાસ્થળે ખડકી દેવામાં આવ્યો હતો. રવિવારની રજા હોવાથી માર્કેટમાં વેપારીઓ કે શ્રમિકોની હાજરી નહિવત હતી, જેના કારણે એક મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ મિલકતને મોટા પાયે નુકસાન થયું હોવાની ભીતિ સેવાઈ રહી છે. આગ એટલી પ્રચંડ હતી કે બેઝમેન્ટમાં અંધારું અને અતિશય ધુમાડો હોવાને કારણે ફાયરના જવાનોને આગના ચોક્કસ સ્થાન સુધી પહોંચવામાં ભારે મુશ્કેલી પડી હતી. અંતે જવાનોએ બીએસેટ (બ્રીધિંગ એપરેટસ સેટ) પહેરીને અંદર પ્રવેશ કર્યો હતો અને સતત ચાર કલાક સુધી પાણીનો મારો ચલાવી આગને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી.

### 18મી સપ્ટેમ્બરે આ જ માર્કેટમાં આગ લાગી હતી

આ અગાઉ 18 સપ્ટેમ્બર 2025ના રોજ પણ આ જ માર્કેટમાં મીટર પેટીમાં ધડાકા સાથે આગ લાગી હતી, જે ત્રીજા માળ સુધી પ્રસરી હતી. આમ, પાંચ મહિનામાં બીજી વાર લાગેલી આ ભીષણ આગને પગલે માર્કેટના વેપારીઓમાં ચિંતા અને ફફડાટ વ્યાપી ગયો છે. આગ લાગવાનું સચોટ કારણ જાણવા માટે એફએસએલ (FSL)ની મદદ લેવા સહિતની તપાસ હાથ ધરી છે.

### 11 મજૂર બાળકો સાથે જીવ બચાવવા માર્કેટની ટેરેસ ઉપર ચઢી ગયા

12 માળની નિધિ ટેક્સટાઈલ માર્કેટ હજુ નિર્માણાધિન છે, જેની કેટલીક દુકાનોમાં ઘણાં મહિનાઓથી બાંધકામનુ કામ ચાલી રહ્યું છે. આજે સવારે ફર્સ્ટ બેઝમેન્ટમાં આગ લાગી, તે સમયે દુકાનોમાં જ રહેતા 11 જેટલાં મજૂરો અને બાળકો જીવ બચાવવા માર્કેટની છત ઉપર ચઢી ગયા હતાં. ફાયર બ્રિગેડની ટીમે તમામનું રેસક્યુ કરી દાદર મારફતે નીચે ઉતારી લીધા હતાં.

### માસ્ક ખૂટી જતા લાશ્કરો જીવનાં જોખમે હાથ રૂમાલની બુકાની બાંધી બેઝમેન્ટમાં પ્રવેશ્યા

બેઝમેન્ટ હોવાથી તેમાં અંધકાર અને ધુમાડાનું પ્રમાણ ખૂબ જ વધારે પ્રમાણમાં હતું, તેને કારણે ફાયર ફાઈટરો બીએસએફનાં માસ્ક પહેરીને બેઝમેન્ટમાં પ્રવેશ્યા હતા. જો કે બીએસએફનાં માસ્ક ખૂટી ગયા હોવાથી કેટલાંક ફાઈટરો તેમના હાથ રૂમાલોની બુકાની બનાવી મોઢા ઉપર બાંધી બાંધીને જીવનાં જોખમે બેઝમેન્ટમાં ઉતર્યાં હતાં, તેવું ફાયર સબ ઓફિસર ક્રિષ્ના મોઢનુ કહેવું હતું.

# લિંબાયતમાં સરકારી કોલેજ માટે જમીન ફાળવણીનો માર્ગ મોકળો

**મનપાને** બદલામાં 3 પ્લોટ મળશે

**ગભેણી,** વરીયાવ અને કુંભારિયામાં 3 નવી ટીપી સ્કીમો માટે પબ્લિક મીટિંગની મંજૂરી

**નોન-ટીપી** વિસ્તારમાં પ્લોટ વેલિડેશનથી પાલિકાને 68682 ચોરસ મીટર જમીન પ્રાપ્ત થશે

સુરતઃ સુરત મહાનગરપાલિકામાં કમિશનર નાગરાજને પદભાર સંભાળ્યા બાદ શહેરના આયોજનબદ્ધ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ખાસ કરીને બજેટની કામગીરી પૂર્ણ થતાની સાથે જ ટાઉન પ્લાનિંગ અને શહેર વિકાસ વિભાગની વર્ષોથી પેન્ડિંગ કામગીરીનો સકારાત્મક નિકાલ લાવવાની શરૂઆત કરવામાં આવી છે. આ કવાયતના ભાગરૂપે લિંબાયત ઝોનમાં સરકારી કોલેજ માટે જમીનની અદલાબદલીનો છેલ્લા બે વર્ષથી અટકી પડેલો પ્રશ્ન હવે ઉકેલાયો છે. ટીપી સ્કીમ નં.69 (ગોડાદરા-ડિંડોલી) માં ડિસ્ટ્રિક્ટ હેતુ માટે અનામત એફપી નં.189ની કુલ 45046 ચોરસ મીટર જમીન પૈકી 31415 ચોરસ મીટર જમીન સરકારી કોમર્સ, આર્ટ્સ અને સાયન્સ કોલેજ તથા અન્ય વિકાસલક્ષી કામો માટે ફાળવવાની વહીવટી મંજૂરી કમિશનર દ્વારા આપવામાં આવી છે. રાજ્ય સરકારની સૈદ્ધાંતિક મંજૂરી બાદ હવે આ દરખાસ્ત સ્થાયી સમિતિ મારફતે સામાન્ય સભામાં રજૂ કરવામાં આવશે. આ જમીનના બદલામાં સુરત મહાનગરપાલિકાને સરકાર તરફથી સરખી વેલ્યુએશન ધરાવતા ત્રણ અલગ-અલગ પ્લોટ અથવા જમીન પ્રાપ્ત થશે.

બીજા મહત્વના નિર્ણયમાં કમિશનરે ગભેણી, વરીયાવ અને કુંભારિયા વિસ્તારની ત્રણ નવી સૂચિત ટીપી સ્કીમો માટે પબ્લિક મીટિંગ યોજવાની પણ મંજૂરી આપી દીધી છે. ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા તૈયાર કરાયેલી ટીપી સ્કીમ નં.95 (ગભેણી), ટીપી સ્કીમ નં.96 (વરીયાવ) અને ટીપી સ્કીમ નં.97 (કુંભારિયા)ના પ્રાથમિક નકશાઓના આધારે જાહેર જનતા અને હિતધારકો સાથે બેઠક યોજાશે. આ આયોજનને કારણે ભવિષ્યમાં પાલિકાને 18 મીટરથી લઈને 90 મીટર સુધીના પહોળા રસ્તાઓ પ્રાપ્ત થશે અને વિવિધ જાહેર હેતુઓ માટે અંદાજે 111 હેક્ટર અનામત જમીન પણ ઉપલબ્ધ થશે. આ ઉપરાંત એમએમટીએચ પ્રોજેક્ટ હેઠળ નવા રેલવે સ્ટેશન કોરિડોર માટે રેશમ ભવનથી આયુર્વેદિક હોસ્પિટલ થઈ સ્ટેશન જંકશન સુધીના રસ્તાને 80 ફૂટ પહોળો કરવાની કામગીરીને બીપીએમસી એક્ટની કલમ-210(1) (બ) હેઠળ મંજૂરી મળી છે.

### વિકાસ પરવાનગીની અન્ય 13 અરજીઓને પણ સૈદ્ધાંતિક મંજૂરી

મધ્યસ્થ શહેર વિકાસ વિભાગની કામગીરીને વેગ આપતા કમિશનરે નોન-ટીપી વિસ્તારોમાં પ્લોટ વેલિડેશન સર્ટિફિકેટ માટેની 13 અરજીને મંજૂરી આપી છે, જેનાથી મહાનગરપાલિકાને જાહેર હેતુ માટે 68682 ચોરસ મીટર જેટલી વિશાળ જગ્યા પ્રાપ્ત થશે. આ સાથે જ વિકાસ પરવાનગીની અન્ય 13 અરજીને પણ સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

# પે એન્ડ પાર્કના 6-6 મહિનાના ભાડા બાકી, છતાં તંત્રનું મૌન

**સુરત** મનપાના વરાછા ઝોનમાં શાસન ભાજપનું, પાવર ઇજારદારોનો

**કોર્પોરેટર** વિપુલ સુહાગીયાની કમિશનરને રજૂઆતઃ કસૂરવાર ઇજારદારોના કોન્ટ્રાક્ટ રદ કરી બ્લેકલિસ્ટ કરવા માંગ

સુરતઃ સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોન-એ વિસ્તારમાં પાલિકાની માલિકીના પ્લોટ અને પે એન્ડ પાર્કના ઈજારદારો દ્વારા લાખો રૂપિયાનું ભાડું બાકી રાખવામાં આવ્યું હોવાનો આક્ષેપ વોર્ડ નંબર 17ના કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ કર્યો છે. મ્યુનિસિપલ કમિશનરને કરવામાં આવેલી લેખિત રજૂઆતમાં તેમણે જણાવ્યું છે કે, નિયમ મુજબ ઈજારદારોએ ભાડાની રકમ એડવાન્સમાં ચૂકવવાની હોય છે, તેમ છતાં અનેક કિસ્સાઓમાં છેલ્લા 6 મહિનાથી ભાડું જમા કરાવવામાં આવ્યું નથી. આર્થિક શિસ્તના દાવા કરતી મનપાના તંત્રમાં ઈજારદારોની આવી અનિયમિતતા છતાં તેમની સામે કોઈ કડક કાર્યવાહી ન થવી તે વહીવટી નિષ્ફળતા અથવા તો ભ્રષ્ટાચાર તરફ ઈશારો કરે છે. પાલિકાની તિજોરીને થતું આ આર્થિક નુકસાન અટકાવવા માટે કયા ઈજારદારોનું કેટલું લેણું બાકી છે તેની તાત્કાલિક તપાસ કરી યાદી તૈયાર કરવી અત્યંત જરૂરી છે.

કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ વધુમાં માંગ કરી છે કે, જે ઈજારદારો વારંવાર કસૂરવાર ઠરે છે અને જાણીબૂઝીને સરકારી નાણાં અટકાવી રાખે છે, તેમના કોન્ટ્રાક્ટ તાત્કાલિક અસરથી રદ કરી તેમને બ્લેકલિસ્ટ કરવા જોઈએ. માત્ર કોન્ટ્રાક્ટ રદ કરવાથી નહીં ચાલે, પણ બાકી રહેલું ભાડું વ્યાજ અને પેનલ્ટી સાથે વસૂલવાની પ્રક્રિયા હાથ ધરવી જોઈએ, જેથી ભવિષ્યમાં અન્ય ઈજારદારો આવી બેદરકારી ન દાખવે.

### મહારાષ્ટ્રીયન મરાઠી સમુદાય દ્વારા લિંબાયતમાં ‘હળદી-કંકુ’ની ઉજવણી





સુરત શહેરમાં વસતા મહારાષ્ટ્રના મરાઠી સમુદાય દ્વારા દર વર્ષે મકરસંક્રાંતિના અવસર પછી પરંપરાગત ‘હળદી-કંકુ’ ઉજવવામાં આવે છે. આજે લિંબાયત ઉત્સવ સમિતિ દ્વારા નીલગીરી ખાતે હલ્દી કંકુનો કાર્યક્રમ યોજાયો હતો. જે પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલ, તેમના ધર્મપત્ની ગંગાબેન, જીગ્નેશ પાટીલ, છોટુ પાટીલ, ધારાસભ્ય સંગીતા પાટીલ સહિત સમાજનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. **(તસવીરઃ સતીષ જાદવ)**

# કોસાડ આવાસમાં બાળકો રમતા અથડાયા ને હત્યા થઈ ગઈ

**સામાન્ય** ઝઘડામાં વચ્ચે પડેલા યુવકને રહેંસી નાંખ્યો, પિતા-પુત્રી ઘાયલ

**પોલીસે** ગણતરીના કલાકોમાં ત્રણને ઝડપી પાડ્યા



સુરતઃ અમરોલીના કોસાડ આવાસમાં ગત રાત્રે નજીવી બાબતે થયેલા ઝઘડાએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. બાળકોના રમવા બાબતે થયેલી બોલાચાલીમાં ઉશ્કેરાયેલા ચાર સગા ભાઈએ પડોશી પરિવાર પર છરા અને ઢીકમુક્કી વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ૩૦ વર્ષીય યુવકનું સ્મીમેર હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે વ્યક્તિઓને ગંભીર ઇજાઓ પહોંચી છે. પોલીસે ગણતરીના કલાકોમાં ત્રણ આરોપીને પકડી પાડ્યા છે.

મળતી વિગત મુજબ, કોસાડ આવાસના બિલ્ડિંગ નંબર ૫૨માં રહેતી ૩૬ વર્ષીય શબાનાબેન શેખનો ૬ વર્ષનો પુત્ર હુસેન ગત રાત્રે અગિયારેક વાગ્યાના અરસામાં ઉપરના માળે રહેતા સાદાબ ઉર્ફે રાજુ નથુ શેખની દીકરી સાથે રમતો હતો. રમતા-રમતા બાળકો એકબીજા સાથે અથડાતા સાદાબ ઉર્ફે રાજુ, તેના ભાઈઓ આઝાદ અને સદ્દામ નીચે આવી શબાનાબેન સાથે ઉગ્ર બોલાચાલી કરવા લાગ્યા હતા. ઝઘડો વધતા શબાનાબેનના સંબંધી ફરીદ અજીજ શેખ (ઉં.વ.૩૦) અને તેમના પિતા અજીજ કાદરમીયા શેખ (ઉં.વ.૬૮) વચ્ચે પડ્યા હતા અને આરોપીઓને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ઉશ્કેરાયેલા સાદાબ, આઝાદ અને સદ્દામ પિતા-પુત્ર સાથે ઝપાઝપી કરવા લાગ્યા હતા. દરમિયાન તેમનો ચોથો ભાઈ સિરાજ નથુ શેખ તીક્ષ્ણ છરો લઈને ધસી આવ્યો હતો.

આરોપી સિરાજે હિંસક બની ફરીદ શેખને ગળાના, પીઠમાં અને છાતીના પાછળના ભાગે ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે ફરીદ લોહીલુહાણ હાલતમાં ફસડાઈ પડ્યો હતો. આરોપીઓએ અજીજભાઈને પણ પીઠમાં છરો માર્યો હતો, જ્યારે વચ્ચે પડનાર શબાનાબેનને બંને હાથમાં ઇજાઓ પહોંચાડી હતી. ગંભીર હાલતમાં ત્રણેયને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ ફરીદ શેખને મૃત જાહેર કર્યો હતો. અમરોલી પોલીસે આ મામલે શબાનાબેનની ફરિયાદના આધારે આરોપી સાદાબ ઉર્ફે રાજુ, સદ્દામ, આઝાદ અને સિરાજ (તમામ રહે. કોસાડ આવાસ) વિરુદ્ધ હત્યા અને હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

### અમરોલી હત્યામાં પકડાયેલા આરોપીઓ

સાદાબહુસેન ઉર્ફે રાજુ મોહમ્મદ નથુ શેખ (ઉં.વ.૩૦), સિરાજહુસેન મોહમ્મદ નથુ શેખ (ઉં.વ.૨૫, ધંધો ઇલેક્ટ્રીકનો), સદામહુસેન મોહમ્મદ નથુ શેખ (ઉં.વ.૩૨, મજૂરીકામ) (ત્રણેય રહે., બિલ્ડિંગ નં.૫૨/બી/૧૩,૧૯, ૨૪,૧૫, એચ-૧, કોસાડ આવાસ, મૂળ તુફાનપુર, જિ.મધુબની (બિહાર)

**સિંગણપોર-ડભોલી વિસ્તારમાં કળિયુગના નગ્ન નાચ જેવો કિસ્સો**

# બળાત્કાર ગુજાર્યા બાદ યુવતીને ભાઈ સાથે પરણાવી

**પહેલા** અપરિણીત હોવાનું કહી લગ્નની લાલચ આપી વારંવાર ભોગવી, બ્લેકમેલિંગ પણ કર્યું

**નાનાભાઈ** સાથે લગ્ન કરાવ્યા બાદ પણ હવસખોરી ચાલુ રાખતાં યુવતીની પોલીસમાં ધા

સુરતઃ સિંગણપોર-ડભોલી વિસ્તારમાં સોશિયલ મીડિયા મારફતે મિત્રતા કેળવી યુવતીને પ્રેમજાળમાં ફસાવી, પોતે પરિણીત હોવાની હકીકત છુપાવી લગ્નની લાલચ આપી બળજબરીથી શારીરિક શોષણ કરવાના ગંભીર આરોપમાં સિંગણપોર પોલીસે એક બિલ્ડર સામે બળાત્કારનો ગુનો નોંધ્યો છે.

સિંગણપોર રોડ પર માનસી રેસીડેન્સીમાં રહેતો અમિત ઘનશ્યામભાઈ ડોંડા (ઉ.વ. ૪૦) બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલો છે. તેણે સિંગણપોર-ડભોલીમાં રહેતી યુવતી સાથે સ્નેપચેટ મારફતે મિત્રતા કેળવી હતી. આરોપીએ ખોટો પરિચય આપી પોતે અપરિણીત હોવાનું બતાવી યુવતીને લગ્ન કરવાની લાલચ આપી વિશ્વાસમાં લીધી હતી. યુવતીને અલગ-અલગ હોટેલો તથા સ્થળોએ લઈ જઈ બળજબરીથી વારંવાર શારીરિક સંબંધ બાંધતો હતો. તેણે યુવતીના મોબાઈલ ફોનમાં ન્યૂડ ફોટા પાડી રાખી, તે ફોટા યુવતીના ભાઈ અને પિતાને બતાવી તથા ઈન્ટરનેટ પર વાયરલ કરી યુવતીને બદનામ કરવાની ધમકી આપી હતી.

મામલો વધુ ગંભીર ત્યારે બન્યો જ્યારે આરોપીના નાના ભાઈ કુલદીપના લગ્ન ભોગ બનનાર યુવતી સાથે કરાવી દીધા હોવાનું બહાર આવ્યું. લગ્ન બાદ પણ આરોપીએ યુવતીની એકલતાનો લાભ લઈ ફરી તેની સાથે શારીરિક સંબંધ બાંધવા માટે હેરાન-પરેશાન કરવાનું ચાલુ રાખ્યું હતું. સતત માનસિક અને શારીરિક શોષણથી ત્રસ્ત યુવતીએ આખરે સિંગણપોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

સિંગણપોર-ડભોલી પોલીસે અમિતભાઈ ઘનશ્યામભાઈ ડોંડા (રહે, માનસી રેસીડેન્સી, હરિદર્શનના ખાડા સામે, સુરત રહેતો હોવાનું અને મૂળ વતન ગામ રાજપરા (ભાલ), તાલુકો વલ્લભીપુર, જિલ્લો ભાવનગર) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ‘તારા પપ્પાને ઓળખું છું’ કહી 15 વર્ષીય કિશોરીની છેડતી

**મોટા** વરાછામાં કારચાલકે કાર્ડ આપી હાથ પકડી લીધો, કારમાં બેસાડવાની કોશિશ કરી લોકો દોડી આવતા ફરાર થઈ ગયો

સુરતઃ મોટા વરાછા વિસ્તારમાં દિવસના અજવાળે ૧૫ વર્ષીય કિશોરી સાથે અજાણ્યા કારચાલકે છેડતી કરી કારમાં બેસાડવાની કોશિશ કરતા ચકચાર મચી ગઈ છે.

મોટા વરાછા વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષીય કિશોરી ધોરણ ૧૦માં અભ્યાસ કરે છે. તા. ૦૫/૦૨/૨૦૨૬ના રોજ બપોરે કિશોરી ઘરેથી પગપાળા જતી હતી ત્યારે સફેદ રંગની ફોર વ્હીલર કાર (નં. GJ 05 RK 7084)નો ચાલક તેની પાસે આવ્યો હતો. ફરિયાદ મુજબ, આરોપીએ પોતે કિશોરીના પિતાને ઓળખતો હોવાનું કહી તેણીનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો હતો. “હું તારા પપ્પાને ઓળખું છું, તને પણ ઓળખું છું, મારું નામ દર્શિત છે, આ મારું કાર્ડ રાખ અને મને ફોન કરજે” એમ કહી આરોપીએ કાર્ડ કિશોરીના હાથમાં આપ્યું હતું. ત્યારબાદ તેણે કિશોરીનો હાથ પકડી ગાડીમાં બેસવા કહ્યું અને અડપલા કરી છેડતી કરી હતી. કિશોરીએ વિરોધ કરતાં અને આસપાસ લોકો આવતાં આરોપી સ્થળ પરથી ગાડી લઈ ફરાર થઈ ગયો હતો. બનાવથી ભયભીત બનેલી કિશોરીએ સમગ્ર ઘટના ઘરે પરિવારજનોને જણાવી હતી. ઘટનાની ગંભીરતા જોતા પરિવારજનોએ તાત્કાલિક ઉત્રાણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ઉત્રાણ પોલીસે ધ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ-૨૦૧૨ (પોક્સો)ની કલમ ૧૨ હેઠળ ગુનો દાખલ કર્યો છે. પોલીસે કાર નંબરના આધારે આરોપીની ઓળખ માટે તપાસ શરૂ કરી છે.

## ડિંડોલીમાં પત્નીના મોત બાદ વિરહમાં આધેડનો આપઘાત

સુરતઃ ડિંડોલીમાં પત્નીના અવસાન બાદ તનાવમાં રહેતા આધેડે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. મૂળ મહારાષ્ટ્રના વતની રાજેન્દ્ર દંગલ પાટીલ (ઉં.વ.53) હાલ ડિંડોલી નવાગામ વિસ્તારમાં આવેલી સ્વસ્તિક ટાઉનશિપમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. રાજેન્દ્ર સાયકલ રિપેરિંગ કરવાની દુકાન ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ચાર મહિના પહેલાં તેની પત્નીનું કેન્સરમાં અવસાન થયું હતું. ત્યારબાદ તે સતત તણાવમાં રહેતો હતો. જેથી કંટાળીને તેએ શનિવારે બપોરે ઘરમાં લોખંડના હુક સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### શિક્ષણ પાંખ છે અને સંસ્કાર આંખ છેઃ પૂ. પદ્મદર્શનસૂરિજી



સુરતઃ ગોપીપુરા ઓમકારસૂરિ આરાધના ભવન સ્થિત જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજાની પાવન નિશ્રામાં શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જિનાલયમાં ‘ગુરુકૃપાથી પ્રભુ મિલે, પ્રભુકૃપાથી ગુરુ મિલે’ સંદર્ભમાં સંગીતના સથવારે પ્રભુમિલનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શ્રી મહાવીર અન્નક્ષેત્રમાં ચાતુર્માસ દરમ્યાન સમગ્ર સુરતના 3800થી વધુ જૈન બાળકોએ જે આરાધના કરી હતી. શિક્ષણ + સંસ્કાર =સફળતા એ વિષય ઉપર પૂજ્ય આચાર્યપ્રવર શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે બાળકો સમક્ષ જણાવ્યું હતું કે શિક્ષણ પાંખ છે અને સંસ્કાર આંખ છે. જ્યાં સુધી પંખીની આંખો ઉઘડતી નથી ત્યાં સુધી એની પાંખ ગમે તેવી બળવાન હોય તો પણ પંખી ઉડી શકતું નથી. જીવનમાં તમામ ક્ષેત્રે સફળ થવા માટે શિક્ષણની સાથે સંસ્કારોની આવશ્યકતા છે. બાળકોના જીવનને ઊર્ધ્વગામી બનાવવા હોય તો પ્રોત્સાહન, પ્રેમ અને પ્રેરણા જરૂરી છે.

### સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર દ્વારા બિઝનેસ મેળો યોજાયો



સુરતઃ સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર સુરત દ્વારા દર વર્ષની જેમ સતત નવમાં બિઝનેસ મેળા ૨૬ (With ફન મ્યુઝિક મસ્તી) નું આયોજન પહેલી ફેબ્રુઆરી રવિવારના રોજ શહેરના હાર્દ વિસ્તાર અઠવાલાઇન્સમાં આવેલા SMC અઠવા પાર્ટી પ્લોટ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં સમાજના નાના-મોટા વેપારીઓ, પ્રોફેશનલ્સ, ઘરેથી કામ કરતા મહિલાઓ એમ આશરે 100 જેટલા સ્ટોલ સભ્યો દ્વારા મુકવામાં આવ્યા હતા. એસએમસી આરોગ્ય સમિતિના ચેરપર્સન નેન્સીબેન શાહ, મ્યુ. કોર્પોરેટર વૈશાલીબેન શાહ અને વૈષ્ણવ અગ્રણીઓ કનુભાઈ શાહ, નીરજભાઇ ચોક્સી, નિલેશભાઇ, નિતિનભાઈ, સંજયભાઈ, મિતુલભાઈ શાહ, ચેમ્બરના ભૂ.પૂ. પ્રમુખ CA પી.એમ. શાહ, હેતલ મેહતા, યોગેશભાઈ અને અમિતભાઈ પરીખ, રાકેશભાઇ શાહ (રેલ્વે), વિવિધ સહકારી બેન્કના ડિરેક્ટર્સ અને સમાજના સભ્યો બહોળા પ્રમાણમાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સુરતના અગ્રણી CA પ્રગ્નેશભાઇ જગાશેઠ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રમુખ દક્ષેશભાઈ શાહે સૌને આવકારતા વૈષ્ણવ વણિકોને એકત્ર કરી સમૃદ્ધ થવા માટેના સંસ્થાના પ્રયાસોની માહિતી આપી હતી.

# ઉધનામાં કચરો નાંખવા જવાનું મહિલાને એક લાખમાં પડ્યું

**તેરાપંથ** ભવન પાસે ગળામાંથી રૂ. 1 લાખની સોનાની ચેઈન ઝૂંટવી મોપેડ પર આવેલો સ્નેચર ફરાર થયો

સુરતઃ શહેરમાં સ્નેચિંગની ઘટનાઓ વધી રહી છે જેમાં ઉધના વિસ્તારમાં ધોળે દિવસે ચેઈન સ્નેચિંગની વધુ એક ઘટના સામે આવી છે. ઉધના ગામ ખાતે રહેતી એક મહિલા પોતાના પુત્ર સાથે મોપેડ પર કચરો નાખવા જતી હતી, ત્યારે મોપેડ પર આવેલા અજાણ્યા ગઠિયો તેમના ગળામાંથી 1,00,000ની કિંમતની સોનાની ચેઈન તોડી નાસી છૂટ્યો હતો.

મળતી માહિતી મુજબ, ઉધના ગામના ઓમકારેશ્વર એસ્ટેટમાં રહેતા સોનમબેન કિરણકુમાર દવે (ઉં.વ. 37) ગત તારીખ 31/01/2026ના રોજ બપોરેતેમના પુત્ર આરવ સાથે પોતાની એક્સેસ મોપેડ પર કચરો નાખવા જઈ રહ્યા હતા. તેઓ જ્યારે ઉધના સાઈ રેસિડેન્સી તેરાપંથ ભવનના ગેટ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પાછળથી જ્યુપીટર મોપેડ પર એક અજાણ્યો ઈસમ આવ્યો હતો. આ અજાણ્યા ચાલકે સોનમબેનના ગળામાં પહેરેલી આશરે 8 ગ્રામની સોનાની ચેઈન (કિંમત 1,00,000) ઝુંટવી લીધી હતી. ગભરાયેલા સોનમબેને ગઠિયાનો પીછો કરવાનો પ્રયાસ કર્યો હતો અને તેની મોપેડનો નંબર GJ-05-UC-1023 નોંધી લીધો હતો.ઘટના બાદ સોનમબેનના પરિવારમાં વતન રાજસ્થાન ખાતે લગ્ન પ્રસંગ હોવાથી તેઓ તાત્કાલિક વતન રવાના થઈ ગયા હતા.

વતનથી પરત આવ્યા બાદ ગત રોજ તેમણે ઉધના પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ઉધના પોલીસે બી.એન.એસ. (B.N.S.) કલમ 304(2) હેઠળ ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## પરિણીતાના આપઘાતના દુષ્પ્રેરણા કેસમાં પતિ-સાસુનો છુટકારો

સુરતઃ પરિણિતાના આપઘાતના દુષ્પ્રેરણા કેસમાં સાસરિયા સામે નોંધાયેલા ગુનામાં આરોપીઓને શંકાનો લાભ આપી કોર્ટે છોડી મુકવાનો હુકમ કર્યો હતો. આરોપી પતિ અંકુર જૈન, સસરા સુરેશ જૈન (એબેટ), સાસુ મેનાબેન જૈનની સામે મરનારની બહેને ફરિયાદી નોંધાવી હતી. સાસરિયા પરિણીતા પર શારીરિક-માનસિક ત્રાસ, ડાયવોર્સ પેપર પર સહી કરવા ધમકી આપતા હતા તેમજ ફેક્ટરી બનાવવા રૂપિયા પાંચ લાખની માંગણી પણ કરાઈ હતી. સાસરિયાના ત્રાસથી પરિણીતાએ આત્મહત્યા કરી લીધી હતી. આ કેસમાં આરોપી સુરેશકુમાર જૈનનુ મુત્યુ થયું હોવાથી તેમની સામેનો કેસ એબેટ કરાયો હતો. આ કેસમાં બચાવ પક્ષે એડવોકેટ રોહન કે. પાનવાલા તથા સમીરા એચ. મલેકે દલીલો કરી હતી. બચાવ પક્ષની દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી આરોપી અંકુરકુમાર જૈન તથા મેનાબેન જૈનને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

# વેપારીની 37 લાખની ફિશ બે ઠગ ઓહીયા કરી ગયા

**કરોડોનો** માલ ઉઠાવી બે ઠગે ચૂકવણી ન કરતાં ચોકબજાર પોલીસે ગુનો નોંધ્યો

સુરતઃ ચોકબજાર વિસ્તારમાં ફિશના વેપારને નિયમિત ચૂકવણી કરી વિશ્વાસ જીત્યા બાદ બે વેપારીએ કરોડો રૂપિયાનો માલ ખરીદી બાકી રકમ નહીં ચૂકવતા અઠવાલાઈન્સ પોલીસે છેતરપિંડીનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ચોકબજાર જૂની સિવિલ હોસ્પિટલની પાછળ રહેતા શહેનશાહ હુસેન મોઇનુદ્દીન ખાન (ઉં.વ.૪૭) ચોકબજારમાં “બસીર ફિશ” નામે પેઢી ચલાવે છે. શહેનશાહ ખાને નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી પંકજ શ્રીકાંત પાટીલ (રહે., જે-૪૦૪, બાલાજી પાર્ક, પ્રતિક્ષા સોસાયટી, ટીગરા રોડ, નવસારી) અને મનોજ પ્રકાશભાઈ દુસાને (રહે., બી/૪૧, આનંદ બાગ સોસાયટી, પાવર હાઉસની સામે, બીલીમોરા સ્ટેશન રોડ, ગણદેવી, નવસારી) શરૂઆતમાં સમયમાં માલ ખરીદી તેનું પેમેન્ટ સમયસર ચૂકવી શહેનશાહ ખાનનો વિશ્વાસ અને ભરોસો કેળવ્યો હતો.

ત્યારબાદ તા. ૧૭/૦૮/૨૦૨૩ થી તા. ૧૯/૧૦/૨૦૨૩ દરમિયાન આરોપીઓએ કુલ રૂપિયા ૨,૦૯,૭૭,૯૩૬ નો ફિશનો માલ ખરીદ કર્યો હતો. આમાંથી રૂપિયા ૧,૭૨,૫૬,૬૫૪નું પેમેન્ટ ચૂકવ્યું હતું, જ્યારે બાકી લેણી રકમ રૂપિયા ૩૭,૩૨,૭૮૨ બાકી રહી હતી. બાકી રકમ આરોપીઓએ દિન-૩૦માં ચૂકવી આપવાની ખાતરી આપી હતી. એટલું જ નહીં, તા. ૦૧/૦૫/૨૦૨૫ના રોજ નોટરાઈઝડ લખાણ દ્વારા પણ બાંહેધરી આપી હતી. તેમ છતાં બાદમાં ખોટા વાયદાઓ કરી આજદિન સુધી કોઈ પેમેન્ટ ચૂકવ્યું નથી. વેપારીની ફરિયાદના આધારે ચોકબજાર પોલીસે બંને આરોપી સામે છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## પરવટગામમાં ઓનલાઈન વેપાર કરતા યુવકે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

સુરતઃ પરવટગામમાં ઓનલાઈન વેપાર કરતાં યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પરવટગામ વિસ્તારમાં આવેલા એકતાનગરમાં મનોજ રાઠોડ પરિવાર સાથે રહે છે. તે લુમ્સ ખાતામાં નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. તેમજ તેના સંતાન પૈકી 22 વર્ષીય મનીષ ઑનલાઈન વેપાર કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. શનિવારે સાંજે મનીષે પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.